| ચૂંટણી |
|---|
| આચાર સંહિતા |

ક્રમાંકઃ ઈએલસી–સી.ઓ.સી.–૩(૭)–૦૨૨૦૨૦–ક
રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નંબર–૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૪-૦૨–૨૦૨૦

વિષયઃ— <u>નગરપાલિકાઓ અને તાલુકા પંચાયત પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી માર્ચ–૨૦૨૦</u>
**મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગેની આદર્શ આચાર સંહિતાના અમલ તેમજ અધિકારી/કર્મચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ.**

**<u>પરિપત્ર</u> :**

૧. આ સાથેના પત્રક મુજબની રાજયની નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતોની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી તા.૨૨–૦૩–૨૦૨૦ના રોજ યોજવા રાજય ચૂંટણી આયોગે તા.૨૪–૦૨–૨૦૨૦ ના રોજ જાહેરાત કરેલ છે. આથી આ ચૂંટણીમાં ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે આદર્શ આચાર સંહિતા તા.૨૪–૦૨–૨૦૨૦થી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી હેઠળના વિસ્તારમાં અમલમાં આવે છે. સદરહુ આચાર સંહિતાની કેટલીક બાબતોનો અમલ સત્તાધારી પક્ષે પણ કરવાનો રહે છે.

**પેટા ચૂંટણી માટેનો કાર્યક્રમ**

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણી જાહેર કરવાની તારીખ | ૨૪-૦૨-૨૦૨૦ |
| ૨ | ચૂંટણીની નોટિસ/ જાહેરનામુ પ્રસિદ્ધિ કરવાની તારીખ | ૦૨-૦૩-૨૦૨૦ |
| ૩ | ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખ | ૦૨-૦૩-૨૦૨૦ |
| ૪ | ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ | ૦૭-૦૩-૨૦૨૦ |
| ૫ | ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ | ૦૯-૦૩-૨૦૨૦ |
| ૬ | ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ | ૧૧-૦૩-૨૦૨૦ |
| ૭ | મતદાનની તારીખ તથા સમય | ૨૨-૦૩-૨૦૨૦ (રવિવાર) સવારના ૮–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી |
| ૮ | જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તારીખ | ૨૩-૦૩-૨૦૨૦ |
| ૯ | મતગણતરીની તારીખ | ૨૪-૦૩-૨૦૨૦ |

૨. આ સંસ્થાઓના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આચાર સંહિતાનો ચુસ્તપણે અમલ થાય તે માટે જે તે કચેરીઓને જણાવવામાં આવે છે.

૩. રાજય ચૂંટણી આયોગે આચાર સંહિતા સંબંધે નીચે પ્રમાણે આદેશ કરેલા છે.

| અ.નં. | આદેશનો વિષય | આદેશના નંબર/તારીખ |
|---|---|---|
| ૧ | શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંકઃરાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮(૧)–૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |
| ૨ | કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંક : રાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮(૨) –૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |
| ૩ | વહીવટી તંત્ર દ્વારા અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંક : રાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮(૩) –૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |

ઉપરોકત આદેશો જે તે સમયે સંબંધિત તમામ કચેરી / વિભાગો / રાજકીય પક્ષોને મોકલી આપેલ છે. આ આદેશો રાજય ચૂંટણી આયોગની વેબસાઈટ <u>sec.gujarat.gov.in</u> પર મૂકેલા છે.

૪. સંબંધિત તમામ કચેરીઓને વિનંતી કરવામાં આવે છે કે ચૂંટણી હેઠળના જિલ્લાઓના રાજ્ય સરકારના વિવિધ ખાતાના/કચેરીના વડાઓ નગરપાલિકાઓની અને તાલુકા પંચાયતો પેટા ચૂંટણી દરમ્યાન તાકીદના તબીબી કારણો સિવાય તેમની હેઠળના આ ચૂંટણી સાથે સંકળાયેલા કર્મચારીઓ / અધિકારીઓની રજા મંજૂર કરે નહિ.

૫. આચાર સંહિતાના અમલ દરમ્યાન ચૂંટણી હેઠળના વિસ્તારોમાં

(અ) ચૂંટણીની કામગીરી સંબંધમાં અધિકારીઓ / કર્મચારીઓની રજા મંજૂર કરી શકાશે નહિ તેમજ બદલી કરી શકાશે નહિ.

(બ) સરકારી સેવાઓ અને જાહેર સાહસોમાં નિમણૂક આપી શકાશે નહિ.

(ક) મતદારો પ્રભાવિત થાય તેવી કોઈપણ પ્રકારની જાહેરાત કરી શકાશે નહિ તેમજ વચનો આપી શકાશે નહિ.

(ડ) કોઈપણ રૂપમાં કોઈપણ જાતની નાણાંકીય ગ્રાન્ટ અથવા તેના વચનોની જાહેરાત કરાશે નહિ.

(ઈ) વિવેકાધીન ફંડમાંથી ચૂકવણી મંજૂર કરાશે નહિ.

૬. આ સૂચનાઓ ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી, સર્વે માન. મંત્રીશ્રીઓના ધ્યાન પર મુકવા તેઓના સચિવશ્રી / અંગત સચિવશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

૭. સચિવાલયના સર્વે વિભાગોને ઉપર્યુકત સૂચનાઓ તેઓની હેઠળના ખાતા / કચેરી તેમજ બોર્ડ, નિગમ તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના વડાઓના ધ્યાન પર તાત્કાલિક મૂકવા વિનંતી કરવામાં આવે છે.

૮. આ સૂચનાનો અમલ **તા.૨૪-૦૨-૨૦૨૦** થી (જાહેરાતની તારીખ) થી **તા.૨૪-૦૩-૨૦૨૦** (પરિણામની જાહેરાત) સુધી કરવાનો રહે છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**

- ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી ( માન.અધ્યક્ષશ્રીના ધ્યાને મૂકવાની વિનંતી સહ )
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી( માન. મુખ્ય મંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ )
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અધિક સચિવશ્રી(માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના ધ્યાને મુકવા વિનંતી સહ)
- સર્વે માન.મંત્રીશ્રીઓ, રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.(માન. મંત્રીશ્રીઓના ધ્યાને મૂકવાની વિનંતી સહ)
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર (માન. વિરોધપક્ષના નેતાશ્રીના ધ્યાને મૂકવા વિનંતી સહ)
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેર ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો (સર્વે ખાતાના વડાઓને તથા સર્વે બોર્ડ/કોર્પોરેશનના વહીવટી સંચાલકશ્રીઓને આ અંગેની તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ.)
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ વડાશ્રી, પોલીસ ભવન,ગાંધીનગર
- જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી/જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા, સુરત, અમરેલી, સુરેન્દ્રનગર, ગીરસોમનાથ, દેવભૂમિ ધ્વારકા, આણંદ, ખેડા, પાટણ, મહેસાણા, મહીસાગર, છોટા ઉદેપુર, વલસાડ, ભાવનગર, જામનગર, પંચમહાલ અને દાહોદ. (સર્વે ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને અન્ય સર્વે સબંધિત અધિકારીશ્રીઓ / કચેરીઓ/રાજકીય પક્ષોને આ અંગે તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પાટણ, મહેસાણા, મહીસાગર, છોટા ઉદેપુર, વલસાડ, સુરત, સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર, જામનગર, પંચમહાલ, દાહોદ, અને ગીરસોમનાથ
- પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા, સુરત, અમરેલી, સુરેન્દ્રનગર, ગીરસોમનાથ, દેવ ભૂમિ ધ્વારકા, આણંદ, ખેડા, પાટણ, મહેસાણા, મહીસાગર, છોટા ઉદેપુર, વલસાડ, ભાવનગર, જામનગર, પંચમહાલ અને દાહોદ.
- રાજ્ય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ.
- રાજ્ય ચૂંટણી કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશ, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર.
- સીલેકટ ફાઈલ

## પેટા ચૂંટણી યોજવાપાત્ર નગરપાલિકાઓની ખાલી બેઠકો :–

| અ.નં. | જિલ્લો | નગર પાલિકાનું નામ | નગરપાલિકા નો વર્ગ | વોર્ડ નંબર (બેઠક નંબર) | બેઠકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ગાંધીનગર | માણસા | C | ૬ (ત્રીજી) | ૧ |
| ૨. | અમદાવાદ | સાણંદ | C | ૧ (બીજી) | ૧ |
| ૩. | સાબરકાંઠા | તલોદ | D | ૬ (ચોથી) | ૧ |
| ૪. | સુરત | કનકપુર --કનસાડ | C | ૧ (ત્રીજી) | ૧ |
| ૫. | અમરેલી | રાજુલા | C | ૧ (પ્રથમ) (ત્રીજી) (ચોથી) | ૩ |
| ૬. | અમરેલી | રાજુલા | C | ૨ (પ્રથમ)(બીજી)(ત્રીજી)(ચોથી) | ૪ |
| ૭. | અમરેલી | રાજુલા | C | ૩ (પ્રથમ)(બીજી)(ત્રીજી)(ચોથી) | ૪ |
| ૮. | અમરેલી | રાજુલા | C | ૪ (પ્રથમ)(બીજી)(ત્રીજી)(ચોથી) | ૪ |
| ૯. | અમરેલી | રાજુલા | C | ૫ (બીજી) | ૧ |
| ૧૦. | અમરેલી | રાજુલા | C | ૭(પ્રથમ)(બીજી) | ૨ |
| ૧૧. | સુરેન્દ્રનગર | ધાંગધ્રા | B | ૭ (ચોથી) | ૧ |
| ૧૨. | ગીર સોમનાથ | કોડીનાર | C | ૭ (ચોથી) | ૧ |
| ૧૩. | ગીર સોમનાથ | વેરાવળ–પાટણ | A | ૧૦ (બીજી) | ૧ |
| ૧૪. | દેવભૂમિ ધ્વારકા | સલાયા | C | ૪ (ચોથી) | ૧ |
| ૧૫. | દેવભૂમિ ધ્વારકા | સલાયા | C | ૭ (પ્રથમ) | ૧ |
| ૧૬. | આણંદ | પેટલાદ | B | ૮ (પ્રથમ) | ૧ |
| ૧૭. | ખેડા | નડિઆદ | A | ૧૩ (ત્રીજી) | ૧ |
| કુલઃ– | | | | | ૨૯ |

## પેટા ચૂંટણી યોજવાપાત્ર તાલુકા પંચાયતોની ખાલી બેઠકો :–

| અ.નં. | જિલ્લો | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળ નંબર/ નામ | બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | પાટણ | હારીજ | ૧૬–વાંસા | અનુ.આદિજાતિ |
| ૨. | મહેસાણા | સતલાસણા | ૧૦–સતલાસણા–૧ | અનુ.આદિજાતિ |
| ૩. | મહીસાગર | લુણાવાડા | ૪–ડોકેલાવ | સામાન્ય સ્ત્રી |

| | | | | |
|---|---|---|---|---|
| ૪. | છોટાઉદેપુર | બોડેલી | ૧૦કોસિન્દ્રા | સામાન્ય |
| ૫. | વલસાડ | વલસાડ | ૧૧–ગોરગામ | અનુ.જાતિ |
| ૬. | વલસાડ | વલસાડ | ૧૯–કોસંબા–૨ | સામાન્ય સ્ત્રી |
| ૭. | સુરત | કામરેજ | ૮–કઠોદરા | સામાન્ય સ્ત્રી |
| ૮. | સુરેન્દ્રનગર | થાનગઢ | ૩–જામવાળી | અનુ.આદિજાતિ સ્ત્રી |
| ૯. | અમરેલી | બાબરા | ૧૭–ઉટવડ | અનુ.આદિજાતિ |
| ૧૦. | ભાવનગર | જેસર | ૪–બીલા–૨ | સામાન્ય સ્ત્રી |
| ૧૧. | ભાવનગર | જેસર | ૭–જેસર–૧ | અનુ.આદિજાતિ |
| ૧૨. | જામનગર | કાલાવડ | ૧૫–નવાગામ | અનુ.આદિજાતિ સ્ત્રી |
| ૧૩. | જામનગર | કાલાવડ | ૧૬–નિકાવા | બિ.અ.સા |
| ૧૪. | પંચમહાલ | ગોધરા | ૨૭–સામલી | અનુ.આદિજાતિ |
| ૧૫. | દાહોદ | દેવગઢ બારીયા | ૫–બારા | અનુ.આદિજાતિ સ્ત્રી |
| ૧૬. | દાહોદ | દેવગઢ બારીયા | ૭–ચેનપુર | અનુ.જાતિ |
| ૧૭. | ગીર સોમનાથ | કોડીનાર | ૨૨–વેલણ–૨ | બિ.અ.સા |

**નગરપાલિકાઓની અને તાલુકા પંચાયતો ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી માટેનો કાર્યક્રમ**

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણી જાહેર કરવાની તારીખ | ૨૪-૦૨-૨૦૨૦ |
| ૨ | ચૂંટણીની નોટિસ/ જાહેરનામુ પ્રસિદ્ધિ કરવાની તારીખ | ૦૨-૦૩-૨૦૨૦ |
| ૩ | ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખ | ૦૨-૦૩-૨૦૨૦ |
| ૪ | ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ | ૦૭-૦૩-૨૦૨૦ |
| ૫ | ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ | ૦૯-૦૩-૨૦૨૦ |
| ૬ | ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ | ૧૧-૦૩-૨૦૨૦ |
| ૭ | મતદાનની તારીખ તથા સમય | ૨૨-૦૩-૨૦૨૦ (રવિવાર) સવારના ૮–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી |
| ૮ | જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તારીખ | ૨૩-૦૩-૨૦૨૦ |
| ૯ | મતગણતરીની તારીખ | ૨૪-૦૩-૨૦૨૦ |

(મહેશ જોશી)
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તા.૨૪.૦૨.૨૦૨૦